# Official Spokesperson's response to media queries about an Indian baby in foster care in Germany

# જર્મનીમાં પાલક સંભાળમાં ભારતીય શિશુ વિશેનાં મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

25 નવેમ્બર, 2022

**જર્મનીમાં પાલક સંભાળમાં ભારતીય શિશુ વિશેનાં મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું:**

"હાલમાં જર્મનીમાં પાલક સંભાળમાં ભારતીય શિશુનો કિસ્સો સંવેદનશીલ બાબત અને ન્યાયક્ષેત્ર હેઠળ રહેલી બાબત છે.

સપ્ટેમ્બર 2021 થી એક વર્ષ કરતા વધારે સમયથી આ બાબત પર ભારત સરકાર જર્મન સત્તાધિકારિતાઓ સાથે દરમિયાનગીરી અને સામેલગીરી કરી રહી છે.

અમે આ કિસ્સાનાં ગોપનિયતાનાં મુદ્દાઓ અને સંજોગોનાં સંવેદનશીલ સ્વભાવ વિશે જાગૃત છીએ.

બર્લિન સ્થિત ભારતીય દૂતાવાસ આ પરિવારને સંબંધિત રાજદ્વારી સહાયતા પણ પ્રદાન કરી રહ્યું છે. અદાલતની કાર્યવાહી વહેલાસર સમાપ્ત થવાની અપેક્ષા સાથે તે જર્મન સત્તાધિકારિતાઓ સાથે સામેલ પણ થઇ રહી છે.

બાળકની સુખાકારી અને અધિકારોનાં રક્ષણને સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે."

**નવી દિલ્હી**
**25 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.